Presented on : 10/11/2003
Registered on : 10/11/2003
Decided on : 01/10/2025
Duration : 21D,10M, 24Y

## FORM-A

| IN THE COURT OF 19th ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE AT, AHMEDABAD CITY (Presided Over by N.B.Patel) CC/1651/2003 Exhibit No. | |
|---|---|
| **ફરિયાદી:-** | **શ્રી સરકાર** |
| **ફરિયાદપક્ષે:-** | વિદ્વાન એ. પી. પી. શ્રી યાદવ |
| **આરોપી:-** | **1. કમળાબેન પ્રહલાદભાઈ કદાર (એબેટ)**<br>**2. વિજય પ્રહલાદભાઈ કદાર**<br>**3. પ્રહલાદભાઈ જગન્નાથ કદાર**<br>રહેવાસી: બી-૩૪૦, નિશીત પાર્ક, ઓઢવ, અમદાવાદ |
| **બચાવપક્ષે:-** | વિદ્વાન વકીલશ્રી એમ. એન. સોનસુકરે |

## FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ | 22/05/2003 થી 10/10/2003 |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | 10/10/2003 |
| આખરી અહેવાલ / ફરિયાદ રજૂ થયા તારીખ | 10/11/2003 |
| તહોમતનામું / પ્લી ઘડયા તારીખ | 04/07/2012 |
| પુરાવો શરૂ કર્યા તારીખ | 04/07/2012 |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:- | 02/09/2025 |
| ચુકાદાની તારીખ:- | 01/10/2025 |
| આખરી હુકમ:- | આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુક્યા |

## // આરોપીની વિગત //

| આરોપીની અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
| ૧ | **વિજય પ્રહલાદ કદાર** | – | – | ભારતીય દંડ સંહીતાની કલમ ૪૯૮(ક), ૧૧૪, તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩ તથા ૭ | નિર્દોષ છોડ્યા | - | - |
| ૨ | **પ્રહલાદભાઈ જગન્નાથ કદાર** | – | – | | નિર્દોષ છોડ્યા | - | - |

## FORM-C

**<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી</u>**

### અ. ફરિયાદપક્ષ

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૦૧ | મનુભાઈ ખાતુજી નિનામાની સોંગદ પરની જુબાની (આંક-૨૨) | ત. ક. અમલદાર |

### બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | – | – |

### ક. અદાલતના સાક્ષી, જો હોય તો

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| - | -- | -- |

**<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી</u>**

### અ. ફરિયાદપક્ષ

| **અનુક્રમ** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૦૧ | ૨૩ | ફરિયાદની ફરિયાદ |

**બ. બચાવપક્ષ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | -- |

**ક. અદાલતના સાક્ષી**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | -- |

**ડ. ભૌતિક પદાર્થ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

# JUDGMENT
# (Delivered on 01-10-2025)

**ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમતઃ-**

1. ફરિયાદી, જાગૃતીબેન કૈલાશભાઈ કદાર દ્વારા ઓઢલ પોલીસ સ્ટેશન ખાતે તેઓની ફરિયાદ હકીકત આરોપી, કમળાબેન પ્રહલાદભાઈ કદાર વિગેરે વિરૂદ્ધની જાહેર કરતા, ઓઢલ પોલીસે આરોપીઓ સામે ફ. ગુના રજી. નં.૩૫૨/૨૦૦૩ થી ઈ. પી. કોડ કલમ - ૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩ તથા ૭ મુજબની નોંધી લઈ આગળની તપાસ પોસઈશ્રી એમ. કે. નિનામા ને સુપ્રત કરવામાં આવેલ હતી.

2. ફરિયાદીની ફરિયાદમાં ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી જાગૃતિબેનના લગ્ન આરોપી વિજયકુમાર સાથે તા.૨૨.૦૫.૨૦૦૩ ના રોજ થયેલ હતા અને તેઓના લગ્ન પ્રેમ લગ્ન હતા. જે લગ્ન અંગે તેઓના માતા પિતાની સંમતિ ન હતી. તેઓના લગ્ન જ્ઞાતિના રીવાજ મુજબ કરવાના હતા પરંતુ તેઓએ પ્રેમ લગ્ન કરેલ હતા અને એક વર્ષ વિજયભાઈ સાથે ના લગ્ન રહેલ તે બાદ છેલ્લા છ માસથી તેઓના પતિ મારઝુડ કરતા અને કાઢી મુકેલ તેમજ ઘણી વખત દહેજની માંગણી કરતા હતા અને તેમજ તમામ આરોપીઓ તેણીને શારિરીક માનસિક ત્રાસ આપ્તા હોય અને દહેજ પેટે પૈસાની માંગણી કરતા હોય તેણીએ બે વખત રૂ.૧૫૦૦૦/- તેણીના સાસુને આપેલ હતા અને તે

બાદ પણ મારઝુડ કરતા અને તેણીને કાઢી મુકેલ હોય તેઓ વિરૂદ્ધ ફરિયાદ હકીકત જાહેર પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરેલ હતી. જે ગુનાની આગળની તપાસ પોસઈશ્રી ને સોંપવામાં આવેલ હતી.

## પોલીસ તપાસઃ-

3. તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાની તપાસ સંભાળી લઈ લાગતા વળતા સાક્ષીઓના તેઓના લખાવ્યા મુજબના નિવેદનો લખી લીધેલ. આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા હોય તેઓને અટક કરી કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ અને ત્યાં આરોપીઓ જામીન મુકત થયેલ અને આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરવા માટે પુરતો પુરાવો હોય તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસના અંતે તપાસના કાગળો સહીત ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૧૭૩(૨) મુજબનો રીપોર્ટ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ હતો.

## કોર્ટ કાર્યવાહીઃ-

4. આરોપીઓ વિરૂદ્ધ રજુ થયેલ ચાર્જશીટ આધારે મારા પુરોગામી વિદ્વાન એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ દ્વારા ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓ વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. જે હુકમ આધારે આરોપીઓને સમન્સ ઈસ્યુ કરતા તે આરોપીઓને ધોરણસર રીતે બજવણી થતા તેઓના વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ તે સમયે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૦૭ મુજબ તેઓને પોલીસ પેપર્સ અને તે સાથેના સાધનિક કાગળો પુરા પાડ્યાની ખાત્રી કરવામાં આવેલ હતી. જે બાદ આરોપીઓ સામેના ગુનાના આક્ષેપો લગત તેઓને સુનાવણીની તક પુરી પાડ્યા બાદ તેઓ સામે ચાર્જ ફ્રેમ થવાપાત્ર પુરતો પુરાવો હોય મારા પુરોગામી વિ. મેજીસ્ટ્રેટ સાહેબ દ્વારા લેખિત તહોમતનામું ફરમાવવામાં આવેલ. જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓ દ્વારા તેઓ સામેના આક્ષેપોનો ઈનકાર કરવામાં આવેલ અને તેઓ દ્વારા ઈનસાફી કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવેલ હતી. જે બાદ ચાલુ કાર્યવાહી દરમ્યાન આરોપી નં. ૧ કમળાબેન મરણ જતા તેઓ સામેનું કામ એબેટ કરવા હુકમ કરવામાં આવેલ. જે બાદ હાલનું કામ ફરિયાદપક્ષના પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલ હતુ.

ફરિયાદપક્ષ દ્વારા આરોપી સામે રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવા આ સાથે પરિશિષ્ટથી દર્શાવેલ છે. જયારે આરોપી દ્વારા તેઓના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

## <u>આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદનઃ-</u>

5. ફરિયાદપક્ષ દ્વારા હાલના કામ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાનું જાહેરાત કર્યા બાદ હાલનું કામ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે મુલતવી રાખવામાં આવેલ પરંતુ આરોપી વિરૂદ્ધ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી. જે બાદ હાલનું કામ પક્ષકારોની દલીલો માટે મુલતવી રાખવામાં આવેલ છે.

## <u>આરોપી વિરૂદ્ધનું તહોમત / મુદ્દાઃ-</u>

6. ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવો તેમજ પક્ષકાર તર્ફે કરેલ દલીલો આધારે આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થાય છે.

## // મુદ્દાઓ //

**6.1.** શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદી કે જ આરોપી નં. ૨ વિજયની પત્ની હોય તેમજ આરોપી નં. ૧ તથા ૩ તેણીના સાસુ સસરા હોય તેઓએ ફરિયાદી પાસે દહેજની માંગણી કરી તેણીની સાથે મારઝુડ કરી તેમજ રૂ.૧૫૦૦૦/- દહેજ પેટે આપેલ હોવા છતા વધુ રકમની માંગણી કરી એકબીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહિતાની કલમ - ૪૯૮(ક), ૧૧૪ દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩ તથા ૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

**6.2.** શું હુકમ?

7. ઉકત મુદ્દાઓના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ થાય છે.

**7.1.** નકરામાં

**7.2.** આખરી હુકમ મુજબ

## પક્ષકારો તર્ફે દલીલોઃ-

8. હાલના કામે ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રી તથા આરોપી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. તેઓ દ્વારા રેકર્ડ પર રજૂ થયેલ પુરાવા તરફ અત્રેની અદાલતનું ધ્યાન દોરી યોગ્ય હુકમ કરવા દલીલ કરવામાં આવેલ છે.

## ન્યાય નિર્ણયઃ-

9. ઉકત મુદ્દાઓ ની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીનો પુરાવો મહત્વનો પુરાવો છે. હાલના કામે ફરિયાદી જાગૃતિબેનને અત્રેની અદાલત દ્વારા વારંવાર સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. જે તેણીને બજવણી થયેલ હોવા છતા તેણી અદાલત સમક્ષ પુરાવો રજૂ કરવા માટે હાજર થયેલ નથી કે હાજર ન થવા અંગે કોઈ કારણ રજૂ કરવામાં આવેલ નથી. અત્રેની અદાલત દ્વારા ફરિયાદી સમનન્સ બજવા છતા હાજર થયેલ ન હોય તેઓ સામે વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જે વોરંટ મુ. તા.૧૩.૦૩.૨૦૧૮ ના રોજનું  તા.૨૭.૦૨.૨૦૧૮ ના રોજ બજવણી થયેલ અને ફરિયાદી દ્વારા હાજર થવા સબબ જામીન આપેલ હોવા છતા તેણી હાજર થયેલ નહિ. જયારે હાલના કમે અન્ય સાહેદોને સમન્સ ઈસ્યુ કરતા સાહેદ સુધાબેન તથા કૈલાસભાઈ બન્નેવ મરણ ગયેલ હોય તેઓના મરણના દાખલા રેકર્ડ પર રજૂ થયેલ છે. હાલના કામે ફરિયાદી દ્વારા અદાલતમાં હાજર રહેવા માટે જામીન આપેલ તે સરનામે તેણીને વારંવાર સમન્સ વોરંટ કરતા તે બજવણી થયેલ નહી. જેથી ફરિયાદી છેલ્લા ૮ વર્ષ થી પુરાવા માટે હાજર રહેલ નથી. વધુમાં રેકર્ડ પર ફરિયાદીનું કોઈ નવિન સરનામું ઉપલ્બધ ન હોય તેણીને બજવણી થઈ શકેલ નથી. જેથી રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદીને તેઓના કેસની જાણકારી હોવા છતા ઈરાદપુર્વક અદાલતમાં હાજર રહેલ નથી અને અદાલતની કાર્યવાહીમાં સહકાર આપેલ નથી. જેથી તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

10. ફરિયાદપક્ષે આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે આંક ૨૨ થી તપાસ કરનાર અમદલર મનુભાઈ ખાતુજી નિનામાને તપાસેલ છે અને તેઓના પુરાવામાં આંક ૨૩ થી ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે. આ સાહેદ દ્વારા ગુનાની તપાસ કરી આરોપીને અટક કરી તેઓ સામે ચાર્જશીટ કરવામાં આવેલ હોવાનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે. જયારે તેઓ દ્વારા ઉલટ

તપાસમાં નિવેદનો લીધા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. જેથી આ સાક્ષીના પુરાવા દ્વારા આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર થતા નથી.

11. આમ, ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે ફરિયાદીનો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જેથી આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપોની હકીકત ફરિયાદપક્ષ તેઓને પુરતી અને વ્યાજબી તકો આપવા છતા પુરવાર કરી શકેલ નથી. જેથી ફરિયાદપક્ષ આરોપીઓ સામેના આક્ષેપો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

1. આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ- ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩ તથા ૭ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.
2. આરોપીઓના અગાઉના જામીન ખત રદ કરવામાં આવે છે. આરોપીએ નામદાર અપીલ અદાલતો સમક્ષ હાજર રહેવા સબબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે રૂ.૧૫,000/- ના સદ્ધર જામીન રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.0૧લી માહે ઓક્ટોમ્બર, ૨0૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ0૧/૧0/૨0૨૫

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**
૧૯માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ સીટી, કોડ નં.જીજે 0૧૧૨૬